# અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજમાં વાચન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરની અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજમાં તાજેતરમાં વાંચન શિબિરનું અનોખું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં વાંચનનો મહિમા વધે તથા વાંચન એ વ્યકિતગત જીવનનો પ્રેરણાસ્રોત છે તે બાબતને સમજે તે માટે એચ.કે. આર્ટસ કોલેજના પ્રાધ્યાપક અને તજજ્ઞવિદો દ્વારા વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજમાં ગ્રંથાલય વિકાસ વર્તુળ અન્વયે તારીખ ૨૩ જુલાઈ ૨૦૧૩ના રોજ એક દિવસીય 'વાંચન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ વાંચન શિબિરનાં ઉદઘાટન સત્રમાં જાણીતા કટારલેખક ઉર્વિશભાઈ કોઠારીએ વિદ્યાર્થીઓને વાંચન દ્વારા જીવનમાં કેવી રીતે બદલાવ લાવી શકાય તે અંગે 'વાંચન અને હું' વિષય પર સુંદર વકતવ્ય આપ્યું હતું. અન્ય સત્રોમાં એચ.કે. આર્ટસ કોલેજના પ્રા. ઈશાન ભાવસાર, કોલેજનાં પ્રાધ્યાપક પ્રા. કૃપા ભટ્ટ, પ્રા. સમીર પંડયા અને પ્રા. જયેન્દ્ર જાદવ દ્વારા વાંચન અને તેના મહત્વ વિશે અલગ અલગ સત્રમાં વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. કોલેજનાં પ્રિન્સીપાલ ડૉ. જે.જે. ભટ્ટે વિદ્યાર્થીઓને વધુને વધુ વાંચન થકી વિકાસ માટે પ્રેરણાત્મક ઉદબોધન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના લાયબ્રેરીયન શ્રધ્ધાબેન પંડયાએ કર્યું હતું. કોલેજના ૭૦ જેટલા વિદ્યાર્થીઓએ આ શિબિરનો લાભ લઈ નિયમિત વાંચન અંગે સંકલ્પ લીધો હતો.

## બ્રહ્મસમાજ વિદ્યાર્થીઓને સન્માનશે

ગાંધીનગર, તા. ૨૫

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા ધોરણ-૧ થી ૮ના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ તારીખ ૨૮ જુલાઈને રવિવારના રોજ બપોરે ૨ થી ૫ કલાક દરમ્યાન બ્રહ્મભવન સેકટર-૧૬ ખાતે સન્માન સમારંભ યોજવામાં આવ્યો છે. જેમાં સમાજના તેજસ્વી તારલાઓને મહાનુભાવો દ્વારા સન્માન કરવામાં આવશે. આ સમારંભમાં તેજસ્વી વિદ્યાર્થીઓ વાલીઓને ઉપસ્થિત રહેવા સમાજના પ્રમુખ પિનાકીન રાવલે જણાવ્યું છે.

## સંસ્કાર ગૃપ દ્વારા ઉમાશંકર જોષીની જન્મ જયંતિની ઉજવાઈ

ગાંધીનગર, તા. ૨૫

સંસ્કાર ગૃપ દ્વારા સરકારી પ્રાથમિક શાળા ધોળાકુવા ખાતે વિખ્યાત કવિ ઉમાશંકર જોષીની જન્મ જયંતિ નિમિત્તે જીવન, પરિચય અંગેનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓએ કવિ ઉમાશંકર જોષીની કૃતિઓની અને સુંદર કાવ્યોની રજુઆત કરી હતી.

ઉત્તમ ગજાના કવિ ઉમાશંકર જોષીની જન્મ જયંતિ નિમિત્તે ધોળાકુવા પ્રાથમિક શાળાના ૭ થી ૮ વિદ્યાર્થીઓને તેમના જન્મ, અભ્યાસ, વ્યવસાય, કૃતિઓ તેમજ તેમના જીવન વિશેની વાતનો પરિચય કરાવ્યો હતો. ઉપરાંત કાવ્ય પઠન તેમજ પ્રશ્નોત્તરી ગોઠવવામાં આવી હતી.

આ ઉપરાંત નીડર લડવૈયા લોકમાન્ય તિલકના જન્મ જયંતિને અનુલક્ષી ધોરણ-૮ ના વિદ્યાર્થી ધવલ પ્રજાપતિએ સ્વાતંત્ર્ય સેનાની દેશભકત, સમાજ સુધારક લોકમાન્ય તિલક વિશેની વાતો કરવામાં આવી હતી.




અખિલ હિન્દ મહિલા પરીષદ (એ.આઈ.ડબલ્યુ.સી.)ની રાષ્ટ્રીય પરિષદ તામીલનાડુના વેલોર ખાતે મળી હતી તે સમયની તસ્વીર. ઉદ્‌ઘાટન કરી રહેલ કેન્દ્રીય મંત્રી જયંતી નટરાજન, રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રીમતી બીના જૈન, પેટ્રેન્સ (પદ્મવિભુષણ) સરોજીની વરદપ્પન, પદ્મશ્રી શોભનાતાઈ રાનડેજી, મહામંત્રી શીલા કાકડે, શ્રીમતી ગોમતી નાયર તથા સ્થાનિક યુનિવર્સિટી વી.આઈ.ટી.ના કુલપતિ ડૉ. જી. વિશ્વનાથન, પૂર્વ મહામંત્રી શીવાની મહેતા સાથે ઓલ ઈન્ડિયા મેમ્બર ઈન્ચાર્જ લીગલનો અહેવાલ રજૂ કરી રહેલ ડૉ. ભાવના જોશીપુરા તેમજ દેશભરમાંથી આવેલ પ્રતિનિધિઓ નજરે પડે છે.

## જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૫

જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર દ્વારા માણસા તાલુકાના દેલવાડા ગામે ગત તા. ૨૨ જુલાઈ-૨૦૧૩ના રોજ ગામના 'અંતિમધામ'ના કેમ્પસમાં ૬૫ જેટલા વૃક્ષોની વાવણી કરેલ છે. તેમજ ગાંધીનગરની સે-૨૩ની લગ્નવાડીના કેમ્પસમાં અંદાજીત ૭૧ જેટલા વૃક્ષોની વાવણી કરેલ છે અને 'વૃક્ષવાવો, પર્યાવરણ બચાવો'ના સૂત્રને ચરિતાર્થ કરવા પ્રયત્ન કરેલ છે. આ કાર્યક્રમમાં જાયન્ટસ્ ગ્રુપ ઓફ ગાંધીનગર-મેઈનના પ્રમુખ બી.એમ. પટેલ, પૂર્વ પ્રમુખ એન.આર. પટેલ, ડી.એ. આર.આઈ. પટેલ, મેમ્બર એમ. એચ. પટેલ, વસંતભાઈ એ. પટેલ, સંજય આર. પટેલ તથા જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર સાહેલીના પ્રમુખ ગાયત્રી એસ. પટેલ, ઉપપ્રમુખ મનીષા એ. પટેલે સહીયારા સહયોગ દ્વારા વૃક્ષારોપણની કામગીરીમાં પોતાનું યોગદાન આપેલ છે.

## આપોઆપ ઇ-મેઇલ... ● પહેલા પાનાનું ચાલું

આવતી ન હોવાનું આ સમીક્ષા દરમિયાન સરકારના ધ્યાન પર આવવા પામ્યું હતું. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ બાબત અંગે ગંભીર નોંધ લઈને સરકાર કક્ષાએથી તમામ વિભાગોને વેબસાઈટો સમયસર અપડેટ થાય તે પ્રકારની વ્યવસ્થા ગોઠવવા માટે તાકીદ કરવામાં આવી હતી. આમ છતાં પણ કેટલાક વિભાગો અને બોર્ડ નિગમોની વેબસાઈટ અપડેટ થતી ન હોઈ હવે આ અંગેની જાણ સીધા જ ઈ-મેઈલ દ્વારા વિભાગના વડાને થાય તે પ્રકારની એક નવી એપ્લીકેશન વિજ્ઞાન અને પ્રોદ્યોગીક વિભાગ દ્વારા શરુ કરવામાં આવી છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ જો કોઈ વેબસાઈટ ૧૫ દિવસ જેટલા સમય સુધી અપડેટ કરવામાં ન આવે તો જે તે વેબસાઈટને સંબંધિત ચીફ ઈન્ફર્મેશન અધિકારીને ઓટોમેટીક ઈ-મેઈલ જશે. આ ઉપરાંત જો કોઈ વેબ સાઈટ એક મહીના સુધી અપડેટ કરવામાં ન આવે તો જે તે વેબ સાઈટને સંબંધિત વિભાગના સચિવને આ અંગેનો ઓટોમેટીક ઈ મેઈલ જશે. અને જો ત્રણ મહિના સુધી વેબસાઈટ અપડેટ કરવામાં ન આવે તો આ અંગેની જાણનો ઓટોમેટીક ઈ-મેઈલ મુખ્ય સચિવને કરવામાં આવશે. તમામ વિભાગોને વેબસાઈટો સમયસર અપડેટ કરવા તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

## ૭૦ કરોડની ગ્રાન્ટ... ● પહેલા પાનાનું ચાલું

નગરપાલિકાઓને પણ મોડેલ નગરપાલિકા યોજના અંતર્ગત રૂ. ૧૦ કરોડ જેવી રકમ તેમજ ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળને રૂ. ૧૫ કરોડ જેવી રકમના ચેકોનું વિતરણ કરવામાં આવશે. શહેરી વિસ્તારોમાં આંતર માળખાકીય સુવિધાઓ તેમજ આરોગ્ય સેવાઓના સઘનીકરણની સાથે સાથે સામાજિક સુરક્ષા અને સ્વરોજગાર તાલીમ અને કૌશલ્ય વર્ધન પર વિશેષ ભાર મુકવામાં આવશે. આંતર માળખાકીય સુવિધાઓ અંતર્ગત રૂ. દોઢ હજાર કરોડના કામો આગામી દિવસોમાં શહેરી વિસ્તારોમાં હાથ ધરાશે તેવો અંદાજ છે.

## બાકીદારોનો ડેટા ... ● છેલ્લા પાનાનું ચાલું

પ્રકાશમાં આવ્યું હતું. વસુલાતને અનુલક્ષી તંત્ર કક્ષાએ બિલની વહેંચણી તેમજ તે અંગેનો ડેટા તૈયાર કરવાની જવાબદારી માટે એજન્સી નિયત કરવામાં આવે છે. પરંતુ ચાર મહીનાના લાંબા સમયગાળા બાદ પણ એજન્સી કક્ષાએથી આ ડેટા તૈયાર કરીને સુપ્રત કરાયો ન હોવાથી તંત્ર પણ બાકીદારોની યાદીથી વાકેફ નથી. બીજીતરફ વસુલાતક્ષેત્રે મંદ કામગીરી કરવા ટેવાયેલા તંત્રએ પણ આ મામલે કોઈ વિશેષ દરકાર ન લેતા બાકી વસુલાતનો આંકડો મોટો થયો છે.

## તાજપોશી... ● છેલ્લા પાનાનું ચાલું

ગાંધીનગર જિલ્લા પંચાયતના નવા પ્રમુખ તરીકે શ્રીમતી હીનાબેન હરેશભાઈ પટેલે આજે સેંકડો કાર્યકરો અને શુભેચ્છકોની ઉપસ્થિતિમાં પોતાના કાર્યભાર સંભાળતા ઉત્સાહભેર્યો ત્રિરંગો માહોલ છવાયો હતો. હીનાબેન પટેલે આ અભૂતપૂર્વ ઉમળકા અંગે પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, જિલ્લાના દરેક ગામડાંના સામાન્ય માનવીના તમામ પ્રશ્નોનો ઝડપથી યોગ્ય ઉકેલ લાવી સર્વાંગી વિકાસ સાધવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના નવા પ્રમુખ તરીકે ચૂંટાઈ આવેલા હીનાબેન પટેલે આજે બપોરે વિજય મૂહુર્તમાં પોતાના હોદ્દાનો કાર્યભાળ સંભાળ્યો હતો. સમગ્ર ગાંધીનગર જિલ્લામાંથી મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદના કારણે લાગણીવશ બની હીનાબેન પટેલે સમગ્ર જિલ્લાના ભાઈ-બહેનોનો હ્રદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જિલ્લાના એક પણ ગામડાંનો સામાન્ય માનવી નિરાશ નહીં થાય તેવી ખાતરી આપતા જણાવ્યું હતું કે, દરેક વિસ્તારના પ્રશ્નોનો ઝડપથી ઉકેલ લાવી સર્વાંગી વિકાસ કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં ખાસ કરીને પ્રાથમિક જરૂરિયાતના પ્રશ્નો વીજળી, પાણી, રસ્તા, શિક્ષણ, મહિલા વિકાસ અને સામાજિક સમરસ્તાના કામોને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવશે. એક પણ કામ ગ્રાન્ટના અભાવે અટકે નહીં તેનું આગવું આયોજન કરી દરેક જિલ્લા સદસ્યો સાથે પરામર્શ દ્વારા વિકાસના કામોમાં બમણી ઝડપ લાવવાની તેમણે કટિબદ્ધતા વ્યક્ત કરી છે. હીનાબેન પટેલે જિલ્લા/તાલુકા સદસ્યો, સંગઠનના હોદ્દેદારો, આગેવાનો તેમજ અન્ય કાર્યકરોને ગાંધીનગર જિલ્લાના વિકાસ માટે સાથ-સહકાર આપવા જાહેર અપીલ કરી છે.

આ પ્રસંગે તેમના મત વિસ્તાર કુડાસણ ઉપરાંત ચારેય તાલુકામાંથી ઉમટી પડેલા સેંકડો કાર્યકરો, આગેવાનો, સમર્થકો અને ખાસ કરીને મહિલા કાર્યકરોની મોટી સંખ્યામાં હાજરી વચ્ચે તેમણે પદગ્રહણ કરતાં કોંગ્રેસના જય જયકારથી રંગબેરંગી માહોલ છવાયો હતો. આ પ્રસંગે ધારાસભ્ય અમિત ચૌધરી અને કામીનાબા રાઠોડ, પૂર્વ ધારાસભ્ય બાબુજી ઠાકોર, કોંગ્રેસના પ્રદેશ મહિલા પ્રમુખ સોનલબેન પટેલ, માજી મંત્રીશ્રી ચંદ્રીકાબેન ચુડાસમા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ જશુભા રાણા, શહેર પ્રમુખ મુકેશ પટેલ, પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસ, હિમાંશુ પટેલ, મધ્ય ગુજરાત મહિલા ઈન્ચાર્જ વિદ્યાશ્રી પટેલ, મહિલા ઉપપ્રમુખ જયશ્રીબેન શાહ, અમદાવાદ શહેર પ્રમુખ મંદાકીની પટેલ, પ્રદેશ મહિલા મંત્રી રાગીણીબેન બારોટ, ટીચર સેલના ચેરમેન ગીતાબેન પટેલ, મંત્રી ઉષાબેન પુરોહીત, જિલ્લા-તાલુકા સદસ્યો તેમજ સંગઠનના વિવિધ પાંખના હોદ્દેદારોએ ફુલહાર કરી હીનાબેનને શુભેચ્છા પાઠવી હતી.

IN THE HIGH COURT OF JUDICATURE AT BOMBAY
APPELLATE SIDE, CIVIL JURISDICTION
CIVIL APPLICATION NO. 4891 OF 2011
IN
FIRST APPEAL STAMP NO. 29174 OF 2011

( Preferred against Judgment & Order dated 31/03/2011 Passed by District Judge-2 & Member, M.A.T.C., Palghar, Dist.- Thane in M.A.T.C. No. 1117 of 2001)

**Shri. Damodar Dattu Gaikar and ors. .... Petitioners.**
**Through Advocate- T.J. MENDON**
**Versus**
**1.Shri. Suleman Nurmohamed Ghoga & Anr. .... Opponent.**

**To,**
**Oppt. No.1.**
**Shri. Suleman Nurmohamed Ghoga,**
**Add: At. Post- Basu, Tal.- Vadgaon,**
**Dist.- Palanpur, GUJARAT**


WHEREAS the peitioner above named has presented a C.A. to this Court praying for reliefs as stated in the which is already served upon you and whereas the same has been registered in this Court as Civil Application and this Court has on the 26th June, 2013 , ordered issue to a notice, take notice that the hearing of the said Civil Application will take place on 07th August, 2013 or on any subsequent day which to this Court may seem convenient and that, if no appearance is made on your behalf either in person or by an Advocate of this Court duly authorized and instructed by you., it will be heard and determined in your obsence.

Witness SHRI. MOHIT S. SHAH, Chief Justice at Bombay aforesaid this 26th June, 2013.

SEAL

**By the Court,**
**S/d**
**for Deputy Registrar**

## શબ્દાવલી - ૫૧૩૦




### આડી ચાવી

૧. વિવેક શક્તિ, સભ્યતા (૩)
૪. કેશ, મોવાળા (૨)
૫. દેખરેખ નીચે કેદ કરી રાખવું (૫)
૭. તફાવટ (૩)
૯. તાજા કલમને ટુંકમાં... કહેવાય (૨)
૧૧. ... વાળવો, સત્યાનાશ કરવું (૨)
૧૩. વજન (૨)
૧૪. અરસપરસ (૪)
૧૬. ઈચ્છા (૨)
૧૭. શ્રીરામના સસરા રાજા... (૩)
૨૧. વા... ને વાદળ ઉમટ્યા... (૨)
૨૨. બર્તન, ઠામણા (૩)
૨૩. ઊંચાઈ, વિસ્તાર (૨)
૨૪. એક ફુલછોડ, તગર (૩)

### ઊભી ચાવી

૧. તરફડવું તે (૫)
૨. પિતા-બાપા (૩)
૩. શૂરવીરતા, જેની... શામળીયાને હાથ વદે વહે વાણી રે (૩)
૪. વહાડ તેઓ, ... લેવો (૨)
૬. જન્મદિવસ... કાપી બધાને ખવડાવી મનાશાય (૨)
૮. રટણ (૨)
૧૦. વાળ, પાતળો વાયર (૨)
૧૨. ફરજિયાત ના હોય તેવું (૫)
૧૪. ફિકર, ચિંતા (૩)
૧૫. રજવાડાને લગતુ, રાજાઈ (૪)
૧૮. નાડી, રગ (૨)
૧૯. ચોખાના કટકા (૩)
૨૦. મોકો, લાગ (૨)

### શબ્દાવલી ૫૧૨૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) ખ્યાતનામ (૪) આગામી (૭) શણ (૮) સમજ (૯) નફો (૧૧) ઘાવ (૧૨) ગણિકા (૧૩) હાનિ (૧૪) પેટ (૧૫) જરાક (૧૬) પ્રસન્ન (૧૮) તહેવાર (૨૧) ગરજ (૨૨) તરાપ

**ઊભી ચાવી :-** (૧) ખ્યાપન (૨) નાશ (૩) મણ (૪) આસવ (૫) ગામ (૬) મીજબાની (૧૦) ફોગટ (૧૩) હાક (૧૪) પેગામ (૧૫) જન્નત (૧૬) પ્રખર (૧૭) સારપ (૧૯) હેત (૨૦) વારા

KALPA-TARU®

# KALPATARU POWER TRANSMISSION LTD.

REGD. OFFICE : 101, PART-III, G.I.D.C. ESTATE, SECTOR - 28, GANDHINAGAR-382028.

(₹ in Lacs)

**UNAUDITED STANDALONE FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE, 2013**

| Sr. No. | Particulars | Standalone For Quarter Ended 30/06/2013 (Unaudited) | 31/03/2013 (Unaudited) | 30/06/2012 (Unaudited) | Year Ended 31/03/2013 (Audited) |
|---|---|---|---|---|---|
| | **PART-I STATEMENT OF FINANCIAL RESULTS** | | | | |
| 1 | **Income from Operations** | | | | |
| | (a) Net Sales/Income from Operations (Net of Excise duty) | 87,959 | 1,01,161 | 68,986 | 3,28,591 |
| | (b) Other Operating Income | 1,001 | 1,999 | 957 | 4,949 |
| | **Total Income from Operations (net)** | **88,960** | **1,03,160** | **69,943** | **3,33,540** |
| 2 | **Expenses** | | | | |
| | (a) Cost of materials consumed | 41,249 | 46,472 | 36,392 | 1,64,918 |
| | (b) Purchase of stock-in-trade | - | - | - | - |
| | (c) Changes in inventories of finished goods, Work-in-Progress and Stock-in-trade | (2,268) | (1,684) | (3,972) | (8,008) |
| | (d) Erection & Sub-Contracting Expenses | 24,362 | 28,928 | 17,323 | 85,508 |
| | (e) Employee Benefits Expense | 5,815 | 6,153 | 4,096 | 20,064 |
| | (f) Depreciation & Amortisation Expense | 1,590 | 1,413 | 1,204 | 5,225 |
| | (g) Other Expenditure | 10,604 | 13,320 | 8,820 | 38,850 |
| | **Total Expenses :** | **81,352** | **94,602** | **63,863** | **3,06,557** |
| 3 | Profit/(Loss) from Operations before Other Income, finance cost and Exceptional Items (1-2) | 7,608 | 8,558 | 6,080 | 26,983 |
| 4 | Other Income | 1,334 | 1,101 | 1,073 | 4,772 |
| 5 | Profit/(loss) from ordinary activities before finance cost and Exceptional Items (3+4) | 8,942 | 9,659 | 7,153 | 31,755 |
| 6 | Finance Costs | 3,825 | 3,017 | 3,143 | 12,201 |
| 7 | Profit/(Loss) from ordinary activities after finance cost but before Exceptional Items (5-6) | 5,117 | 6,642 | 4,010 | 19,554 |
| 8 | Exceptional Items | - | - | - | - |
| 9 | Profit/(Loss) from Ordinary Activities before Tax (7-8) | 5,117 | 6,642 | 4,010 | 19,554 |
| 10 | Tax Expense | 1,650 | 1,779 | 1,275 | 5,789 |
| 11 | Net Profit /(Loss) from Ordinary Activities after Tax (9-10) | 3,467 | 4,863 | 2,735 | 13,765 |
| 12 | Extraordinary Items (net of tax expense ₹ in lacs) | - | - | - | - |
| 13 | **Net Profit(+)/Loss(-) for the period (11-12)** | **3,467** | **4,863** | **2,735** | **13,765** |
| 14 | Paid Up Equity Share Capital (Face Value of ₹ 2/- each) | 3,069 | 3,069 | 3,069 | 3,069 |
| 15 | Reserve excluding Revaluation Reserves as per Balance sheet of previous accounting year | | | | 1,81,554 |
| 16.i | Earnings Per Share (EPS) (before extraordinary items) (of ₹ 2 each) (not annualised) | | | | |
| | a) Basic | 2.26 | 3.17 | 1.78 | 8.97 |
| | b) Diluted | 2.26 | 3.17 | 1.78 | 8.97 |
| 16.ii | Earnings Per Share (EPS) (after extraordinary items) (of ₹ 2 each) (not annualised) | | | | |
| | a) Basic | 2.26 | 3.17 | 1.78 | 8.97 |
| | b) Diluted | 2.26 | 3.17 | 1.78 | 8.97 |
| | **PART-II SELECT INFORMATION FOR THE QUARTER ENDED 30/06/2013** | | | | |
| A | **PARTICULARS OF SHAREHOLDING** | | | | |
| 1 | Public Shareholding | | | | |
| | No. of Shares | 6,43,99,376 | 6,48,07,755 | 6,53,62,501 | 6,48,07,755 |
| | Percentage (%) of Shareholding | 41.97 | 42.23 | 42.59 | 42.23 |
| 2 | Promoters and Promoter Group Shareholding | | | | |
| | a) Pledge/Encumbered | | | | |
| | No. of Shares | 4,64,24,601 | 2,94,15,000 | 3,75,95,000 | 2,94,15,000 |
| | - Percentage of Shares (as a % of the total Shareholding of promoter and promoter group) | 52.13 | 33.18 | 42.67 | 33.18 |
| | - Percentage of shares (as a % of the total Share Capital of the Company) | 30.25 | 19.17 | 24.50 | 19.17 |
| | b) Non-encumbered | | | | |
| | No. of Shares | 4,26,36,593 | 5,92,37,815 | 5,05,03,069 | 5,92,37,815 |
| | - Percentage of Shares (as a % of the total Shareholding of promoter and promoter group) | 47.87 | 66.82 | 57.33 | 66.82 |
| | - Percentage of shares (as a % of the total Share Capital of the Company) | 27.78 | 38.60 | 32.91 | 38.60 |

| | Particulars | 3 months ended 30/06/2013 |
|---|---|---|
| B | **INVESTOR COMPLAINTS** | |
| | Pending at the beginning of the quarter | Nil |
| | Received during the quarter | Nil |
| | Disposed of during the quarter | Nil |
| | Remaining unresolved at the end of the quarter | Nil |

Place : Gandhinagar
Dated : 25th July, 2013

(₹ in Lacs)

**SEGMENT WISE REVENUE, RESULTS & CAPITAL EMPLOYED FOR THE QUARTER ENDED 30TH JUNE, 2013**

| Sr. No. | Particulars | Standalone For Quarter Ended 30/06/2013 (Unaudited) | 31/03/2013 (Unaudited) | 30/06/2012 (Unaudited) | Year Ended 31/03/2013 (Audited) |
|---|---|---|---|---|---|
| A | **Segment Revenue** | | | | |
| | a) Transmission & Distribution | 82,262 | 90,911 | 61,124 | 2,95,693 |
| | b) Infrastructure EPC | 5,480 | 10,737 | 7,591 | 32,436 |
| | c) Others | 1,218 | 1,512 | 1,228 | 5,411 |
| | **TOTAL:** | **88,960** | **1,03,160** | **69,943** | **3,33,540** |
| | Less: Inter Segment Revenue | - | - | - | - |
| | **Net Sales / Income from Operations** | **88,960** | **1,03,160** | **69,943** | **3,33,540** |
| B | **Segment Results** | | | | |
| | Profit (+) / Loss (-) before tax & Finance cost | | | | |
| | a) Transmission & Distribution | 8,305 | 9,078 | 5,863 | 27,097 |
| | b) Infrastructure EPC | (676) | (671) | 320 | (126) |
| | c) Others | 6 | 142 | (34) | 189 |
| | **TOTAL:** | **7,635** | **8,549** | **6,149** | **27,160** |
| | Less : Finance cost | 3,825 | 3,017 | 3,143 | 12,201 |
| | Add : Other un-allocable income net off un-allocable expenditure | 1,307 | 1,110 | 1,004 | 4,595 |
| | **Total Profit Before Tax** | **5,117** | **6,642** | **4,010** | **19,554** |
| C | **Capital Employed** | | | | |
| | **[Segment Assets - Segment Liabilities]** | | | | |
| | a) Transmission & Distribution | 1,45,758 | 1,23,724 | 1,36,574 | 1,23,724 |
| | b) Infrastructure EPC | 38,385 | 36,538 | 39,459 | 36,538 |
| | c) Others | 6,623 | 6,225 | 8,950 | 6,225 |
| | d) Unallocable | 74,394 | 77,745 | 65,606 | 77,745 |
| | **TOTAL** | **2,65,160** | **2,44,232** | **2,50,589** | **2,44,232** |

**Note :**

1. The above results were reviewed by the Audit Committee and recommended for approval of the Board and approved by the Board at their meeting held on 25th July, 2013.
2. The Statutory Auditors of the Company have conducted a "limited review" of the above financial results.
3. Figures for the Quarter ended March 31, 2013 are the balancing figures between audited figures in respect of full financial year ended March 31,2013 and year to date figures upto the third quarter of that financial year.
4. The previous Period's/Year's figures have been regrouped/ rearranged wherever considered necessary.

By Order of the Board of Directors
**For KALPATARU POWER TRANSMISSION LTD.**
**Ranjit Singh**
**Managing Director**

Please visit our website: **www.kalpatarupower.com**